**ફોજદારી કેસ નં.૬૩૪૯/૨૦૧૮**

**આંક–૧ નીચે હુકમ–**

**૧. આરોપી ઉપર ઈ.પી.કો.કલમ– ૧૮૮ મુજબના ગુનાનું તહોમત છે. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ માં નીચે મુજબની જોગવાઈ છે.**

**કલમ–૨૫૮ ::– કેટલાક કેસોમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.**

**ફરીયાદ પરથી દાખલ થયેલા હોય તે સિવાયના કોઈ સમન્સ–કેસમાં પ્રથમ વર્ગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની પૂર્વમંજુરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેના કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છુટકારાથી બિનતહોમતે મુકત કરવામાં આવે તેવી અસર થશે.**
**ક્રી.પ્રો.કોડની કલમ–૧૯૫ વંચાણે લેતાં જે નીચે મુજબ છે.**

**કલમ–૧૯૫–જાહેર નોકરના કાનુની અધિકારનો તિરસ્કાર,ન્યાય વિરૂધ્ધના ગુન્હા તથા પુરાવામાં આપેલા દસ્તવોજો સંબંધી ગુન્હાઓ માટે ફોજદારી કાર્યવાહી :–**

**(૧) કોઈપણ અદાલત–**

**(ક) (૧) ભારતીય દંડ સહંતી(૧૮૬૦નો ૪૫મો)ની કલમ ૧૭૨થી ૧૮૮ (બન્ને સહીત) હેઠળ સજા પાત્ર કોઈ ગુનાનો, અથવા**

**(૨) તેવા ગુન્હામાં મદદગારી કે તે કરવાની કોશીષ, અથવા સંબંધિત જાહેર નોકર અથવા વહીવટી હેતુ માટે તે જેને આધીન હોય તેવા અન્ય કોઈ જાહેર નોકરની લેખિત ફરીયાદ સિવાય,**

**(ખ) ....**

**(૩) પેટા ખંડ (૧) કે પેટા ખંડ(૨)મા નિર્દિષ્ટ કરેલો કોઈ ગુન્હો કરવા માટેના ગુન્હાહીત કાવતરાનો અથવા ગુન્હાની કોશીષ કે મદદગારીનો (ગુનો હોયતો)તે અદાલતની અથવા આ અંગે તે અદાલત લેખિતમા અધિકૃત કરે તેવા કોઈ અધિકારી અથવા તે જે અદાલતને આધીન હોય તે અદાલતની લેખિત ફરીયાદ સિવાય કોન્ગીઝન્સ લઈ શકશે નહી.**

**૨. હાલનું ચાર્જશીટ પોલીસ અમલદારે દાખલ કરેલ છે જે અધિકારીનાં હુકમનો ભંગ થયેલ છે. તેવા અધિકારીની ફરજ છે કે તેઓ આવા ગુનાની ફરીયાદ કોર્ટમાં દાખલ કરે જો મેજીસ્ટેટ રૂબરૂ આવી ફરીયાદ કરવામા આવેલ ન હોય તેવા કેસોમા મેજીસ્ટેટ કોન્ગીઝન્સ લઈ શકે નહી. આમ આ કેસને ક્રી.પ્રો.કોડની કલમ–૧૯૫નો બાદ નડતો હોય અને આ કલમની જોગવાઈ મેન્ડેટરી હોય આરોપીને આવા ગુનામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી તેથી આ કેસની કાર્યવાહી ક્રી.પ્રો.કોડની કલમ–૨૫૮ અન્વયે બંધ કરવામા આવે છે. આરોપીને તેની સામેના તહોમતમાથી ડીસ્ચાર્જ કરવામાં આવે છે.**

**તા. ૨૨ /૦૭/૨૦૧૮**
**સ્થળઃ– મીરઝાપુર,અમદાવાદ**

**(શિવકુમાર પી. કેન )**
**ચોથા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ.**
**અમદાવાદ (ગ્રામ્ય)મીરઝાપુર**